
# ગુરુપૂર્ણિમા : ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પવિત્ર પર્વ



ધર્મરંગ

વ્યોમા સેલર

અષાઢ પૂર્ણિમા, એટલે કે ગુરુપૂર્ણિમા એટલે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા અને આશીર્વાદ મેળવવાનો પવિત્ર અવસર છે. આ દિવસે વેદ વ્યાસજીની જન્મજયંતી પણ ઉજવાય છે, તેથી તેને વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ભગવાન કરતાં પણ ઊંચું માનવામાં આવ્યું છે. ‘ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ’ જેવા શ્લોકો ગુરુના મહિમાનું ગાન કરે છે. જીવનમાં જ્ઞાન, સંસ્કાર અને સાચા માર્ગનું દર્શન કરાવનાર ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે અષાઢ મહિનાની પૂર્ણિમાના દિવસે ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવે છે. આ પર્વ માત્ર ધાર્મિક મહત્ત્વ ધરાવતું નથી પરંતુ શિક્ષણ, સંસ્કાર અને માનવજીવનનાં મૂલ્યોને ઉજાગર કરતો ઉત્સવ પણ છે.

ગુરુપૂર્ણિમાનો સંબંધ મહર્ષિ વેદવ્યાસ સાથે જોડાયેલો છે. મહર્ષિ વેદવ્યાસે ચારેય વેદોનું સંકલન કર્યું, મહાભારત જેવા મહાગ્રંથની રચના કરી અને અઢાર પુરાણોની રચનામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેમના અદ્વિતીય જ્ઞાન અને સાહિત્યસેવાને કારણે તેઓને ‘આદિ ગુરુ’ તરીકે સન્માન આપવામાં આવ્યું છે. તેથી ગુરુપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે મહર્ષિ વેદવ્યાસનું પૂજન કરીને તેમના જ્ઞાનપ્રકાશને વંદન કરવામાં આવે છે.

વેદ વ્યાસજીએ વિશ્વવિખ્યાત મહાકાવ્ય મહાભારતની રચના કરી હતી, જેને વિશ્વનું સૌથી વિશાળ મહાકાવ્ય માનવામાં આવે છે. કહેવાય છે કે ભગવાન ગણેશજીએ તેમની વાણી અનુસાર મહાભારત લખ્યું હતું. મહાભારતનો અમૂલ્ય ભાગ ભગવદ્ ગીતા આજે પણ સમગ્ર માનવજાત માટે જીવનદર્શનનો શ્રેષ્ઠ ગ્રંથ ગણાય છે

વેદ વ્યાસજીએ અઢાર પુરાણો, બ્રહ્મસૂત્ર અને અનેક ધાર્મિક ગ્રંથોની રચના કરીને ભારતીય સંસ્કૃતિને અમૂલ્ય વારસો આપ્યો છે. તેમનાં જ્ઞાન, તપ અને સાહિત્યસેવાને કારણે તેઓ ભારતીય ઋષિ પરંપરાના શ્રેષ્ઠ આચાર્ય તરીકે સન્માનિત છે. ભારતીય પરંપરામાં ગુરુ માત્ર શિક્ષક નથી પરંતુ જીવનને સાચી દિશા આપનાર માર્ગદર્શક છે. માતા-પિતા બાળકને જન્મ આપે છે પરંતુ ગુરુ તેને જ્ઞાન, સંસ્કાર અને જીવન જીવવાની કળા શીખવે છે. સાચો ગુરુ વ્યક્તિના વ્યક્તિત્વને ઘડે છે, તેના આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને સત્ય, કરુણા તથા નૈતિકતાના માર્ગે આગળ વધવા પ્રેરણા આપે છે. ગુરુના માર્ગદર્શન વિના જ્ઞાન અધૂરું રહે છે.

ગુરુપૂર્ણિમાના દિવસે શાળાઓ, કોલેજો, આશ્રમો અને ધાર્મિક સંસ્થાઓમાં વિશેષ કાર્યક્રમો યોજાય છે. વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકોનું સન્માન કરે છે, ગુરુના આશીર્વાદ મેળવે છે અને જીવનમાં તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કરે છે. અનેક સ્થળોએ ગુરુપૂજન, સત્સંગ, ભજન, કીર્તન, ધાર્મિક પ્રવચનો અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે. ઘણા લોકો આ દિવસે ઉપવાસ રાખે છે અને દાન-પુણ્ય કરીને સમાજસેવાનો સંકલ્પ પણ લે છે.

આધુનિક યુગમાં ગુરુનો અર્થ વધુ વ્યાપક બન્યો છે. શાળા-કોલેજના શિક્ષકો ઉપરાંત માતા-પિતા, વડીલો, માર્ગદર્શકો, આધ્યાત્મિક ગુરુઓ અને જીવનમાં સારાં મૂલ્યો શીખવનાર દરેક વ્યક્તિ આપણા ગુરુ સમાન છે. ટેક્નોલોજીના યુગમાં માહિતી સરળતાથી મળી રહે છે પરંતુ સાચું જ્ઞાન, યોગ્ય વિચારશક્તિ અને જીવનમૂલ્યોનું માર્ગદર્શન આજે પણ ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. તેથી ગુરુપૂર્ણિમા આપણને માત્ર પૂજા કરવાનું નહીં પરંતુ ગુરુના ઉપદેશોને જીવનમાં ઉતારવાનું પણ શીખવે છે.

> **વેદ વ્યાસજીએ વિશ્વવિખ્યાત મહાકાવ્ય મહાભારતની રચના કરી હતી, જેને વિશ્વનું સૌથી વિશાળ મહાકાવ્ય માનવામાં આવે છે, કહેવાય છે કે ભગવાન ગણેશજીએ તેમની વાણી અનુસાર મહાભારત લખ્યું હતું**

આ પર્વનો મુખ્ય સંદેશ એ છે કે જીવનમાં જ્ઞાન કરતાં મોટું કોઈ ધન નથી અને જ્ઞાન આપનાર ગુરુનું ઋણ ક્યારેય ચૂકવી શકાય તેમ નથી. ગુરુ પ્રત્યે આદર, વિનમ્રતા અને કૃતજ્ઞતાની ભાવના જાળવી રાખવી એ જ ગુરુપૂર્ણિમાની સાચી ઉજવણી છે. સમાજમાં શિક્ષણ, સંસ્કાર અને સદાચારનું મહત્ત્વ વધારવા માટે આ પર્વ પ્રેરણાદાયક બની રહે છે.

ગુરુપૂર્ણિમા આપણને યાદ અપાવે છે કે સાચા ગુરુના માર્ગદર્શનથી જ જીવનમાં સફળતા, શાંતિ અને આત્મિક વિકાસ પ્રાપ્ત થઈ શકે છે. તેથી આ પવિત્ર દિવસે આપણે પોતાના ગુરુઓને વંદન કરીને તેમના દર્શાવેલા સત્ય અને સદાચારના માર્ગ પર ચાલવાનો સંકલ્પ કરીએ, એ જ આ પર્વનું સાચું મહત્ત્વ છે.

# મારા ગુરુ જાજાબર



બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં, પદ્માવતીના કાંઠે, મિથિપુર ગામનાં સીમાડે આચ્છુ બાઉલના આશ્રમમાં બેઠા હતા.

ત્યારે મેં તેને પૂછ્યું, ‘‘આચ્છુ, ચાલ તારા ગુરુ જોતિનદાસ પાસે જઈએ. તેમનો આશ્રમ તો નજીકમાં જ છે.’’

તેણે કસ લીધેલી ચુંગીને એક પથ્થર પર ખંખેરી અને કહ્યું, ‘‘સતીશ, મારા ગુરુ તો જાજાબર થઈ ગયા છે. એ નહીં મળે.’’

મને કશું સમજાયું નહીં. મેં પૂછ્યું, ‘‘એટલે?’’

તેણે કહ્યું, ‘‘અમે જાતગોશાની પ્રકારના બાઉલ છીએ. અમારી પરંપરામાં ગુરુ, શિષ્યને સંપૂર્ણ જ્ઞાન આપી દે છે. જરા પણ ગુરુમુષ્ઠી ન રાખે! જ્યારે શિષ્ય બધું ગ્રહણ કરી લે પછી ગુરુને એવું લાગે કે હવે મારી પાસે કશું નવું જ્ઞાન આપવા જેવું બચ્યું નથી, ત્યારે તે ‘જાજાબર’ થઈ જાય.’’

મેં કહ્યું, ‘‘એટલે શું થઈ જાય?’’

તેણે કહ્યું, ‘‘પોતાનો સ્થાપેલ આશ્રમ એક શિષ્યને સોંપી, તે આશ્રમનો સ્થિર નિવાસ છોડી, નવા જ્ઞાન, નવા પ્રદેશની શોધમાં નીકળી પડે! તે ઘટનાને ‘બાઉલ જાજાબર થઈ ગયો’ કહેવાય. ( ત્યારે મને સમજાયું કે સંસ્કૃત શબ્દ ‘યાયાવર’નો બંગાળી તદ્ભવ શબ્દ ‘જાજાબર’ એટલે કે ‘વિહાર કરનારો’ તેમ કહેવા માંગે છે!)

મેં કહ્યું, ‘‘પછી?’’

તે બોલ્યો, ‘‘પછી ગુરુને એવું લાગે કે વિહારમાં, ભ્રમણમાં કંઈક નવું જ્ઞાન પ્રાપ્ત થયું છે, ત્યાં સુધી તે ફરતો રહે! નવા જ્ઞાનની પ્રાપ્તિનો તેને સંતોષ થાય અને તેને એમ લાગે કે હું હવે કંઈક નવું બાઉલતત્ત્વને ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરી ચૂક્યો છું, ત્યારે તે ફરી આશ્રમ બાંધે! નવા શિષ્ય બનાવે! આ ઘટનાને ‘બાઉલ શાલોય થયા’ એમ કહેવાય. (ત્યારે મને સમજાયું કે તે ‘શાલેય’ સંસ્કૃત શબ્દનો બંગાળી ઉચ્ચારણ ‘શાલોય’ એટલે કે શાળા પર ઠરીઠામ થયેલો તેમ કહેવા માંગે છે.)’’

મેં કહ્યું, ‘‘આચ્છુ, તું ક્યારે ય જાજાબર થયો છે? ’

> **પોતાનો સ્થાપેલ આશ્રમ એક શિષ્યને સોંપી, તે આશ્રમનો સ્થિર નિવાસ છોડી, નવા જ્ઞાન, નવા પ્રદેશની શોધમાં નીકળી પડે! તે ઘટનાને ‘બાઉલ જાજાબર થઈ ગયો’ કહેવાય, ત્યારે મને સમજાયું કે સંસ્કૃત શબ્દ ‘યાયાવર’નો બંગાળી તદ્ભવ શબ્દ ‘જાજાબર’ એટલે કે ‘વિહાર કરનારો’ તેમ કહેવા માંગે છે!**

તે બોલ્યો, ‘‘હા, એક વાર.’’

મેં કહ્યું, ‘‘શું નવું કોઈ બાઉલ દર્શન પ્રાપ્ત થયું?’’

તે બોલ્યો, ‘‘હા, તેથી જ ફરી શાલોય થયો છું.’’ મેં કહ્યું, ‘‘શું નવું દર્શન મળ્યું?’’

તે બોલ્યો, ‘‘માથું કપાઈ જાય તો પણ વૃક્ષની જેમ જીવવું!’’

હું તેને નિહાળી રહ્યો.